Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/ ૧૪૭૫૧

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. ૨૦ /૦૮/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ માધ્યમિક અને ઉ.મા.શાળાઓ તરફ

આ સાથે સામેલ અધિક જિલ્લા ચુંટણી અધિકારી કલેકટર કચેરી,સુરતના પત્ર ક્રમાંક/મતય/ખાસ ઝુંબેશ/કામગીરી /૨૦૨૨ તા.૨૦/૦૮/૨૦૨૨ અન્વયે મતદાન મથકો ખુલ્લા રાખવા અને જરૂરી ટેબલ ખુરશી સાથે બેઠક વ્યવસ્થા ગોઠવવા તેમજ બી.એલ.ઓ/બી.એલ.ઓ.સુપરવાઈર તરીકે નિમાણુક આપેલ સ્ટાફને મતદાન મથક પર હાજર રહેવા અંગે જાણ તથા અમલ થવા સારું

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

**ELECTION IMMEDIATE**

"મજબૂત લોકશાહી
સૌની ભાગીદારી"

ફોન નંબર : ૦૨૬૧–૨૬૬૫૨૦૦
ફેકસ નંબર : ૦૨૬૧–૨૬૬૫૨૬૫
ઈ–મેઈલ : dydeosuratoffice@gmail.com

# કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી, સુરત

ચૂંટણી શાખા, પહેલો માળ, બી–બ્લોક, જીલ્લા સેવા સદન–૨, અઠવાલાઈન્સ, સુરત–૩૯૫૦૦૧

નં.ચટણ–૩/મતય/ખાસ ઝુંબેશ/કામગીરી/૨૦૨૨ તા.૨૦/૦૮/૨૦૨૨

પ્રતિ,

(૧) માન. કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરત.
(૨) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, જીલ્લા સેવા સદન–૨, અઠવાલાઈન્સ, સુરત.
(૩) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક સમિતી, સુરત.
(૪) જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જીલ્લા પંચાયત, સુરત.

વિષય : **તા.૦૧/૧૦/૨૦૨૨ ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા–૨૦૨૨ અંતર્ગત મતદાન મથકો ખાતે જરૂરી વ્યવસ્થા ગોઠવવા બાબત**

જયભારત સહ ઉપરોકત વિષયે જયભારત સહ જણાવવાનું કે, મે. ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીના તા.૨૭/૦૬/૨૦૨૨ ના પત્ર ક્રમાંક : 23/2022-ERS(Vol.II) થી તથા મે. મુખ્ય નિર્વાચન અધિકારશ્રી, મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરના તા.૨૮/૦૬/૨૦૨૨ ના પત્ર ક્રમાંક : ઈએલઆર/૧૪૨૨/૧૩૦(૨)/છ થી તા.૦૧/૧૦/૨૦૨૨ ની લાયકાતની તારીખના સંદર્ભમાં ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાનો કાર્યક્રમ જાહેર કરી હકક–દાવાઓ અને વાંધા અરજીઓ સ્વીકારવાનો સમયગાળો તા.૧૨/૦૮/૨૦૨૨(શુક્રવાર) થી તા.૧૧/૦૯/૨૦૨૨(રવિવાર) નિયત કરવામાં આવેલ છે.

વધુમાં **તા.૨૧/૦૮/૨૦૨૨(રવિવાર), તા.૨૮/૦૮/૨૦૨૨ (રવિવાર), તા.૦૪/૦૯/૨૦૨૨ (રવિવાર) અને તા.૧૧/૦૯/૨૦૨૨(રવિવાર)ની ખાસ ઝુંબેશ**ની તારીખો નિયત કરવામાં આવેલ છે. આ દિવસોએ **તમામ નિયોજિત સ્થળોએ(મતદાન મથકો પર) સવારે ૧૦.૦૦ કલાક થી સાંજે ૫.૦૦ કલાક** સુધી સબંધતિ બુથ લેવલ ઓફીસર (BLO) દ્વારા ફોર્મ નં. ૬, ૬(ખ), ૭ અને ૮ ની અરજીઓ મેળવી તેને GARUDA Application માં digitize કરવા તથા નાગરિકોને જરૂરી માર્ગદર્શન આપવાની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે.

ઉકત કાર્યક્રમ દરમ્યાન તમામ મતદાન મથકોની યથાસ્થિતિ જળવાય તથા સબંધતિ મતદાન મથકના મકાનની જાળવણી થાય તે હેતુસર ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી તથા મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી, ગુજરાત રાજય દ્વારા વખતો વખત સુચનાઓ આપવામાં આવેલ છે. તો આપના તાબામાં આવતા તમામ મતદાન મથકોના મકાનોની યોગ્ય સ્થિતિ જળવાય તેની ખાસ તકેદારી રખાવવા તથા ખાસ ઝુંબશેના દિવસોએ મથદાન મથકો ખુલ્લા રાખવા અને જરૂરી ટેબલ ખુરશી સાથે બેઠક વ્યવસ્થા ગોઠવવા તેમજ બી.એલ.ઓ./બી.એલ.ઓ. સુપરવાઈઝર તરીકે નિમણુંક આપેલ સ્ટાફને મતદાન મથક પર હાજર રહેવા આપની કક્ષાએથી જરૂરી સુચના અપાય જવા વિનંતી.

અધિક જીલ્લા ચૂંટણી અધિકારી
સુરત

**નકલ રવાના :**

(૧) મતદાર નોંધણી અધિકારીશ્રી(તમામ), જિ. સુરત તરફ
(૨) મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રી(તમામ), જિ. સુરત તરફ